મીઠાના ઉત્પાદન માટે સરકાર પડતર જમીન
ભાડાપટ્ટે આપવા બાબત.
લીઝની શરતોમાં સુધારો...

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃમઠજ/૧૦૨૦૧૦/૨૫૮૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર .
તારીખઃ-૨૨ /૧૨ /૨૦૧૨

સંદર્ભ :- (૧)મ.વિ.ના તાઃ૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવ મઠજ/૧૫૯૭/૧૩૭૨/ક
(૨) માન.મંત્રીશ્રી,મહેસુલના અધ્યક્ષસ્થાને મળેલ તા.૯/૬/૨૦૧૦ની તેમજ તા.૧૮/૫/૨૦૧૧ની કાર્યવાહી નોંધ.

-: ઠરાવ :-

સંદર્ભ (૧) હેઠળના તા.૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવથી રાજયમાં મીઠાના ઉત્પાદન માટે સરકારી જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ નક્કી કરવામાં આવેલ છે.ત્યારબાદ સંદર્ભ (૨)હેઠળની તા.૯/૬/૨૦૧૦ની બેઠકની કાર્યવાહી નોંધથી મીઠાના ઉત્પાદન માટે ભાડાપટ્ટે આપવામાં આવતી સરકારી જમીનની શરતોમાં લીઝ એગ્રીમેન્ટમાં લીઝ લેન્ડને ફરતે વાડ અને સિમેન્ટના પાળા કરવાની શરતો ટેકનીકલ રીતે ફીઝીબલ નથી અને વ્યવહારિક પણ નથી તે શરત લીઝ કંન્ડીશનમાંથી રદ કરવાની બાબતે સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રીસર્ચ ઈન્ડસ્ટ્રીઝ,ભાવનગર,નાયબ સોલ્ટ કમિશ્નર,અમદાવાદ ,ઉધોગ કમિશ્નરશ્રી ગાંધીનગરના અભિપ્રાયના આધારે ઉધોગ અને ખાણ વિભાગના તા.૩/૫/૨૦૧૧ના પત્રથી ભલામણ કરવામાં આવી છે આ બાબત ધ્યાને લઈ આ શરતો રદ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આથી પુખ્ત વિચારણાને અંતે મીઠા ઉધોગ તથા બ્રોમાઈનના ઉત્પાદન માટે ભાડાપટ્ટે આપવામાં આવતી સરકારી જમીનમાં સોલ્ટ વર્કસ/લીઝ લેન્ડને ફરતે સીમેન્ટની ટ્રેપેઝોઈડલ ટ્રેન્ચ(પાળા) બનાવવાની શરત લીઝ કંન્ડીશનમાંથી રદ કરવામાં આવે છે, તેમજ સોલ્ટ વર્કસની બંધની બાજુનો પાળો અને ખેતીની જમીન બાજુના પાળાને સિમેન્ટના પ્લાસ્ટરથી તૈયાર કરવામાં આવે તેના બદલે "જો સોલ્ટ વર્કસની જમીન ખેતીની જમીનની નજીકની જમીન હોય તો સિપેજના કારણે થતું નુકશાન નિવારવા

લીઝ ધારકે સોલ્ટ વર્કસની આસપાસ ૧:૨ ના રેશીયામાં ઢાળ આપી મજબૂત માટીનો પાળો બાંધવો અને તેના બહારના ભાગમાં પથ્થરો ગોઠવવાના રહેશે."

૩. આ સુધારો હાલની હયાત તથા હવે પછી થનાર લીઝ એગ્રીમેન્ટમાં લાગુ પડશે.

૪. સંદર્ભ (૧) તળેના તા.૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એસ.પ્રજાપતિ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિઃ-

- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ઉધોગ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- ઉધોગ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- જનરલ મેનેજર બધા જિલ્લા ઉધોગ કેન્દ્રો
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી,ગુજરાત રાજ્ય ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(વિવાદ) પોલીટેકનીક કંપાઉન્ડ આંબાવાડી અમદાવાદ
- તમામ પ્રાન્ત અધિકારીશ્રીઓ
- ઉધોગ અને ખાણ વિભાગ ,ચ--શાખા સચિવાલય,ગાંધીનગર
- ડેપ્યુટી સોલ્ટ કમિશ્નરશ્રી ભારત સરકાર અજન્ટા કોમર્શીયલ સેન્ટર આશ્રમ રોડ,અમદાવાદ (પત્ર દવારા)
- મ.વિ/અ.લ.ગ.શાખા
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.